વર્ષ ૧ | અંક ૭ | જાન્યુઆરી, ૨૦૨૩

"એક પગલું પ્રગતિશીલ પેરન્ટીંગ તરફ..."

# પેરન્ટોલોજી

## લઈ જા મમ્મી આજ મને તું...!

લઈ જા મમ્મી! આજ મને તું ખુલ્લી હવામાં ફરવા,
પપ્પા! ચાલો લઈ જાઓ, નદીએ છબછબિયાં કરવા!

ગોંધી રાખો શાને મુજને, ચોપડીઓની અંદર?
કૂદકા મારું કયારેક થોડાં, કહેતા મુજને બંદર!
માંડ છૂટું સ્કુલેથી ત્યાં બેસાડો લેસન કરવા!
લઈ જા મમ્મી!

ફૂલોને હું ભૂલી ગઈ છું, પતંગિયાં છે જોવા,
ભમવું છે ટેકરીઓ ઉપર, ઝરણામાં પગ ધોવા,
લાગી છું હું બાલમંદિરના રમકડાંથી ડરવા!
લઈ જા મમ્મી!

સમજી જાઓ કોઈ વ્યથા, હું કેમ કરી સમજાવું?
બેડી ભણતરની પગમાં, શે મુક્ત હવે તો થાવું?
યાદ કરું હું નીલ ગગન ત્યાં લાગે આંસુ સરવા...
લઈ જા મમ્મી!

– ડો. આઈ. કે. વિજળીવાળા



## માતા–પિતાનું ઋણ કેમ કરી ઉતરશે?

એક નાનો બાળક હતો. બાળકને કેરીનું ઝાડ (આંબો) બહુ ગમતો. જયારે નવરો પડે કે તરત આંબા પાસે પહોંચી જાય. આંબા પર ચડે, કેરી ખાય અને રમીને થાકે એટલે આંબાના વૃક્ષની ઘટાદાર છાયામાં સૂઈ જાય. બાળક અને આ વૃક્ષ વચ્ચે એક અનોખો સંબંધ હતો.

બાળક જેમ જેમ મોટો થવા લાગ્યો તેમ તેમ એણે આંબા પાસે આવવાનું ઓછું કરી દીધું. અમુક સમય પછી તો સાવ આવતો જ બંધ થઈ ગયો. આંબો એકલો એકલો બાળકને યાદ કરીને રડયા કરે. એક દિવસ અચાનક એને પેલા બાળકને પોતાના તરફ આવતા જોયો. આંબો તો ખુશ થઈ ગયો.

બાળક જેવો નજીક આવ્યો એટલે આંબાએ કહ્યું, "તું કયાં ચાલ્યો ગયો હતો ? હું રોજ તને યાદ કરતો હતો. ચાલ હવે આપણે બંને રમીએ." બાળક હવે મોટો થઈ ગયો હતો. એણે આંબાને કહ્યું, "હવે મારી રમવાની ઉંમર નથી. મારે ભણવાનું છે પણ મારી પાસે ફી ભરવાના પૈસા નથી." આંબા એ કહ્યું, "તું મારી કેરીઓ લઈ જા. એ બજારમાં વેચીશ એટલે તને ઘણા પૈસા મળશે. એમાંથી તું તારી ફી ભરી આપજે." બાળકે આંબા પરની બધી જ કેરીઓ ઉતારી લીધી અને ચાલતો થયો.

ફરીથી એ ત્યાં ડોકાયો જ નહીં. આંબો તો એની રોજ રાહ જોતો. એક દિવસ અચાનક એ આવ્યો અને કહ્યું, "હવે તો મારા લગ્ન થઈ ગયા છે. મને નોકરી મળી છે એનાથી ઘર ચાલે છે પણ મારે મારું પોતાનું ઘર બનાવવું છે એ માટે મારી પાસે પૈસા નથી." આંબાએ કહ્યું, "ચિંતા ન કર. મારી બધી ડાળીઓ કાપીને લઈ જા. એમાંથી તારું ઘર બનાવ." યુવાને આંબાની ડાળીઓ કાપી અને ચાલતો થયો.

આંબો હવે તો સાવ ઠૂંઠો થઈ ગયો હતો. કોઈ એની સામે પણ ન જુવે. આંબાએ પણ હવે પેલો બાળક પોતાની પાસે આવશે એવી આશા છોડી દીધી હતી. એક દિવસ એક વૃદ્ધ ત્યાં આવ્યો. એણે આંબાને કહ્યું, "તમે મને નહીં ઓળખો પણ હું એ જ બાળક છું જે વારંવાર તમારી પાસે આવતો અને તમે મદદ કરતા." આંબાએ દુઃખ સાથે કહ્યું, "પણ બેટા હવે મારી પાસે એવું કંઈ નથી જે હું તને આપી શકું."

વૃદ્ધે આંખમાં આંસુ સાથે કહ્યું, "આજે કંઈ લેવા નથી આવ્યો. આજે તો મારે તમારી સાથે રમવું છે. તમારા ખોળામાં માથું મૂકીને સૂઈ જવું છે." આટલું કહીને એ રડતા રડતા આંબાને ભેટી પડયો અને આંબાની સુકાયેલી ડાળોમાં પણ નવા અંકુર ફૂટયા.

વૃક્ષ એ આપણાં માતા–પિતા જેવું છે જયારે નાના હતાં ત્યારે એમની સાથે રમવું ખૂબ ગમતું. જેમ જેમ મોટા થતાં ગયાં તેમ તેમ એમનાથી દૂર થતાં ગયાં નજીક ત્યારે જ આવ્યા જયારે કોઈ જરૂરિયાત ઊભી થઈ કે કોઈ સમસ્યા આવી. આજે પણ એ ઠૂંઠા વૃક્ષની જેમ રાહ જુવે છે. આપણે જઈને એને ભેટીએ ને એને ઘડપણમાં ફરીથી કૂંપળો ફૂટે.

– શૈલેષ સગપરીયા

# ૪ થી ૭ વર્ષની ઉંમરના બાળકોનો વિકાસ

| નં. | શારીરિક વિકાસ | સામાન્ય વિકાસ | ભાષા વિકાસ | વિશેષ વિકાસ | સામાન્ય મુશ્કેલીઓ |
|---|---|---|---|---|---|
| ૪ વર્ષ | પગથિયું ચડી શકે છે તેમજ ઉપર–નીચે સીડી ચઢી–ઊતરી શકે છે. | કપડાં પહેરવાં, કાઢવાં, ટોઈલેટ જવું અને સફાઈ કરવાનું તેમજ ચમચી વડે ખાતા આવડે છે. હાથ સાફ કરવાની ક્રિયા સંપૂર્ણ જાતે કરી શકે છે. | પોતાનું નામ બોલે, માતાપિતાનાં નામ બોલે. ઉંમર બોલે, સરનામું બોલે, સમય સમજે. કંઈ પણ બોલો તો એકબીજા શબ્દોને યોગ્ય સુસંગતતા જાળવવા પ્રયત્ન કરે છે. | નવી નવી કલ્પનાઓ કરતાં શીખે છે. આત્મવિશ્વાસ વધતો જોવા મળે છે. ઘણી પ્રવૃત્તિઓ (એક્ટિવિટી) માં ભાગ લે છે. ઘણું જાતે કરવા જાય છે, પરંતુ ઘણી વખત નિષ્ફળતા પામે છે. | ઘોંઘાટ કરે, જિદ્દી, વાતો કર્યા કરે અને જાત જાતની વાર્તાઓ કરે, જયાં ત્યાં ફર્યા કરે અને કંઈ ને કંઈ શોધતું રહે છે. પોતાના હકો બતાવે અને તેને ખરાં કરવા પ્રયત્ન કરે છે. |
| ૫ વર્ષ | સારી રીતે દોડી શકે છે. ડાબા–જમણા હાથને ઓળખી શકે છે. દાંત સાફ કરી શકે છે. | કોઈની પણ મદદ વગર કપડાં કાઢવાનું તેમજ હાથ અને ચહેરો સાફ કરતાં આવડે છે. વ્યવસ્થિત રમતાં અને બધાની સાથે ગ્રુપમાં રમતાં આવડે છે. માણસ અને ઘરના આકાર દોરી શકે છે. | સ્પષ્ટ, સુંદર અને વ્યવસ્થિત બોલતાં આવડે છે. એકથી વીસ સુધીના આંક બોલતા આવડે છે. | ગંભીરતા જણાય, સમજદારી, સહકારની ભાવના શીખે છે અને બીજાને આપે છે. વખાણ બહુ જ ગમે છે. હરવું–ફરવું તેમજ દરેક વસ્તુ જાણવી, જોવી, સમજવામાં રસ પડે છે. | પોતાની કાલ્પનિક શક્તિઓ વડે વાર્તાઓ બનાવી કહે છે. ઘણાં બાળકો અંગૂઠો ચૂસે છે. ખોટાં વચનો આપે છે. |
| ૬ વર્ષ | હાથ વડે અનેક ક્રિયાઓ કરી શકે છે. સાઈકલ ચલાવી શકે છે. તેના પ્રાથમિક દૂધિયા દાંત પડવાની શરૂઆત થાય છે અને કાયમી દાંત આવે છે. | હાથ–મોં ધોવા, ન્હાવા–ધોવા કે કપડાં પહેરવામાં બેદરકારી રાખે છે. ચિત્રોમાં સમજથી જુદાં–જુદાં આકાર કરી શકે છે. ડાબો–જમણો હાથ–પગ ઓળખી શકે છે. | શબ્દો અને અંક લખતાં–વાંચતાં આવડે છે. એક અંકી આંકડાના સરવાળા, બાદબાકી કરતાં આવડે છે. | ચીડિયું, મનમોજી, વાળી શકાય તેવો સ્વભાવ હોય છે. ઘણી વખત ઉદ્ધત અને ઉગ્ર સ્વભાવ પણ જોવા મળે છે. | ટોઈલેટમાં રમત કરે છે. બિહામણા અવાજ કરે છે. ભૂતની વાતો કરે છે. સૂચનાનો અમલ કરવામાં બહુ ધીમું હોય છે. હંમેશા પહેલા રહેવાનું પસંદ કરે છે. દરેક વસ્તુઓ તેને જોઈતી હોય છે. બડાઈ કરે છે. ઘણી વખત પેશાબની ઈન્દ્રિય સાથે રમત કરે છે. |
| ૭ વર્ષ | રમતગમત, બોલબેટ, તરવાની કે સાધનો વગાડવાની શરૂઆત કરે છે. | પોતાની આસપાસની દુનિયાદારીની સમજ અને પોતાની જાગૃતિ અને બુદ્ધિપૂર્વકનાં કાર્યો કરી શકે છે. | સાદા શબ્દો લખતાં–વાંચતા આવડે છે. અંક ઓળખવામાં સરવાળા–બાદબાકી કરવામાં પ્રગતિ જોવા મળે છે. અન્ય વ્યકિતઓ સાથે બોલતાં કે સંબંધ રાખતાં શીખે છે. | શાંત અને વિચારશીલ તેમજ થોડી જવાબદારી–ભરી અક્કલ જોવા મળે છે. | સૂચનાઓ ભૂલી જાય છે. કોઈ મને પ્રેમ નથી કરતું તેમ વિચારે છે. મોટાં ભાઈ–બહેન પ્રત્યે અદેખાઈ કરે છે અને ગેરલાભ ઉઠાવે છે. ઈન્દ્રિય સાથે રમત કરે છે. સારી વસ્તુનું ઓછું અને ખરાબ વસ્તુનું જલદીથી અનુકરણ કરે છે. |

# ૮ થી ૧૨ વર્ષની ઉંમરના બાળકોનો વિકાસ

| નં. | શારીરિક વિકાસ | સામાન્ય વિકાસ | ભાષા વિકાસ | વિશેષ વિકાસ | સામાન્ય મુશ્કેલીઓ |
|---|---|---|---|---|---|
| ૮ વર્ષ | શારીરિક રમતગમત બહુ સારી રીતે રમી શકે છે. | ન્હાવું–ધોવું, સૂવું, જમવું વગેરે પોતાની જાતે કોઈની મદદ વગર કરી શકે છે. રમતગમતમાં, ટીમમાં ભાગ લઈ પોતાનો સહયોગ કે મત આપી શકે છે. નવી વસ્તુઓ બહુ ગમે છે. નવું નવું જાણવાની ઈંતેજારી હોય છે. | સમજ સાથે વાંચતાં શીખે છે. દોડતાં અને લખતાં શીખે છે. અંકના સરવાળા–બાદબાકી સાથે ગુણાકાર, ભાગાકાર પણ આવડે છે. | સ્વનિર્ભર હોય છે, એક્ટિવ હોય છે, સારું–ખરાબ વિચારી શકે છે. કુટુંબની બહાર પોતાની પ્રસિદ્ધિ તેમજ સફળતાનું મહત્વ ધરાવે છે. પોતે નિષ્ફળ ન જાય તે માટે જાગૃત હોય છે. | કોઈ પણ કાર્યમાં નિષ્ફળતા મળે એટલે રડવા લાગે છે. છેતરપિંડી કરવી, જોકસ કરવાં, તોફાન કરવાં અને તેને કાંઈ ગમતું નથી, વારંવાર એકની એક વસ્તુ કહેવી પડે છે. રમતમાં વધુ ધ્યાન હોય છે. દરેક વસ્તુઓની માગણીઓ કરે છે. |
| ૯ વર્ષ | હાથ અને આંગળીઓ વડે અનેક ક્રિયાઓ કરી શકે છે, જેમ કે રમતો રમવી કે સંગીત વગાડવું. | રમતગમત કે કોઈપણ કાર્યમાં વ્યવસ્થિત સમજ અને યોગ્યતા જોવા મળે છે. સ્વનિર્ભરતા આવે છે અને પોતાને એકલાં રહેતાં આવડે છે. | વાંચવા–લખવાનું કે ઉમેરો કરતાં આવડે છે. વાર્તાઓ લખતાં–વાંચતા આવડે છે. | લાગણીશીલ, જાતે પ્રગતિ કરવી, સામાજિક પ્રસંગ કે સ્થળે શરમ આવતી હોય છે. અંધારાની બીક લાગતી નથી, હિંમતમાં વધારો જોવા મળે છે. પાણીની બીક લાગતી નથી. પાણીમાં રમવાનું ગમે છે, જેમ કે નદી, દરિયો, વરસાદ, મિત્રો સાથે પોતાનાં અંગો અને શરીરમાં આવતા હોર્મોનલ ફેરફારો અંગે ચર્ચા કરે છે. | ચિંતાવાળુ અને ઉત્સાહી હોય છે. તેને જયારે કોઈ કામ ભણવાનું કે સ્કૂલ જવાનું ન ગમે ત્યારે પેટમાં કે માથું દુઃખવાનું કે કંઈ થાય છે, દુઃખે છે. જેવી વાતો કરે છે. મા–બાપ સામે બળવો કરે છે. પોતાને જે કરવું છે તે માટે પૂરતો પ્રયત્ન કરે છે. |
| ૧૦ વર્ષ | સામાન્ય કુદરતી આવડત જેવી કે કપડાં પહેરવાં, વાળ ઓળવા, ખોરાક લેવો, રમતગમત રમવી અને સાયકલ પર સવારી કરવી. | બાળક બુદ્ધિમાં ફેરફાર લાવી પુખ્ત બને છે. કોઈ પણ વસ્તુ બજારમાંથી જાતે ખરીદતાં શીખે છે. એકલા સ્કૂલમાં જતાં આવડે છે. સામાજિક પ્રસંગોમાં સમજ પડતી થાય છે. | સારી રીતે વાંચી શકે છે. મોટા સરવાળા–બાદબાકી આવડે છે. એકાદ પાનું વાર્તા કે નિબંધ લખી શકે છે. | શાંત, ઠંડો અને સ્વસ્થ સ્વભાવ હોય છે. સામાન્ય રીતે આ શાંતિની ઉંમર કહેવાય છે. આ ઉંમરે બાળક મા–બાપના શબ્દોને સલાહને કાયદાની જેમ ગ્રહણ કરે છે. | ભાઈ–બહેન સાથે ઝઘડો કરે છે. અણસમજમાં ઘણું અજુગતું બોલી નાખે છે. સામું બોલવાની ટેવ પણ પડે છે. |
| ૧૧ – ૧૨ વર્ષ | યૌવનનાં લક્ષણો – જેવાં કે દાઢી–મૂંછના વાળ ફૂટવા, છોકરીઓને ઉરપ્રદેશ વધે; ચહેરા પર ખીલની શરૂઆત થાય, શરમાળ સ્વભાવ થાય છે. | પોતાની ઓળખ અને મૂલ્ય સમજી શકે છે. જાત જાતના અનુભવ કરવાની ઈચ્છાઓ થાય છે, ઘણી વખત જોખમ પણ લે છે. મા–બાપ સાથે સમજદારીપૂર્વક વર્તવાનું અને તેમની સૂચનાઓને યોગ્ય રીતે સમજી વર્તે છે. યૌવનમાં પ્રવેશતા જાતીય ઉત્તેજનાઓને અનુભવી કે તેનું મૂલ્યાંકન કરી શકે છે. | ભાષામાં ઘણો સુધારો થયા કરે છે. આંકડાની અનેક કરામતો જાણી કે લખી શકે છે. | મનસ્વી, બહુ લાગણીશીલ, અતિ આનંદમાં રહી શરીર ઝુલાવ્યા કરેવું તેમજ આત્મવિશ્વાસથી કાર્ય કરે છે. પોતાની ઉંમરના સાથીઓ સાથે ગાઢ મિત્રતા કરે છે. કુટુંબ પર આધાર બહુ ઓછો રાખે છે. એકલતા વધુ પસંદ કરે છે. | જોખમ લે છે, બળવાખોર હોય છે, વાતવાતમાં ખોટું લાગે છે કે લાગણીવશ થઈ જાય તેવો દેખાવ હોય છે. અતિશય આશાવાદી હોય છે. આત્મવિશ્વાસ હોય છે. અવાસ્તવિક હોય છે. મનમાં જાતીય વૃત્તિના વિચારો ઘોળાતા હોય છે. ઘરની અન્ય પ્રવૃત્તિઓમાં તેને જોડાવું ગમતું નથી. સાથે સાથે જીવનમાં થોડી અનિયમિતતા જોવા મળે છે. મનસ્વી વિચારો ધરાવે છે. |

# શિક્ષક અને વાલીએ અનુસરવા જેવો પત્ર

અમેરિકાના ૧૬ માં પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકન એક વકીલ પણ હતા. અમેરિકાના સૌથી મોટા નૈતિક અને રાજકીય સંકટ વખતે લિંકને જ રાષ્ટ્રની કમાન સંભાળેલી.

તેમની વ્યકિતગત જિંદગીનું એક પાસું ખૂબ જ ઈન્ટરેસ્ટિંગ છે. પોતાના દીકરાના સ્કૂલ ટીચરને તેમણે લખેલો એક પત્ર. એ પત્રમાં તેમણે કેટલીક અદ્ભુત વાતો લખી છે. આ પત્ર ફકત વાલી કે શિક્ષકે જ નહીં, દરેક બાળકે પણ વાંચવો જોઈએ.

આજથી મારા દીકરાની નિશાળ શરૂ થાય છે. નિશાળનું વાતાવરણ એના માટે સાવ નવું અને અજાણ્યું હશે. હું આશા રાખું છું કે તમે એની સાથે સારું અને સૌમ્ય વર્તન કરશો. એના જીવનનું આ એક એવું સાહસ છે, જે એને ખૂબ ઊંચાઈએ લઈ જશે. આ જીવન જીવવા માટે એને ખૂબ બધા વિશ્વાસ, પ્રેમ અને હિંમતની જરૂર પડશે.

પ્રિય શિક્ષક, બને એટલા સૌમ્ય અને હળવા અભિગમથી શું તમે મારા બાળકનો હાથ પકડીને એને જાણવા જેવું બધું શીખવાડી શકશો? એને શીખવજો કે જેટલાં દુશ્મનો હોય છે, એના કરતાં અનેકગણા વધારે મિત્રો હોય છે. એણે એ જાણવું અને સ્વીકારવું પડશે કે બધા માણસો સાચા, વાજબી કે રીઝનેબલ નથી હોતા. એને એ પણ શીખવજો કે દરેક બદમાશમાં એક હીરો છુપાયેલો હોય છે. દરેક વિકૃત અને અપ્રામાણિક રાજનેતામાં, એક સમર્પિત લીડર પણ રહેલો હોય છે.

એને પ્લીઝ શીખવજો કે અનાયાસે જડેલા સો રૂપિયા કરતા, મહેનત કરીને કમાયેલા દસ રૂપિયા અનેકગણા વધારે કિંમતી છે. કોઈ પણ પરિસ્થિતિમાં છેતરપિંડી કરીને વિજય મેળવવા કરતા, પ્રામાણિકતાથી નિષ્ફળ જવું અનેકગણું વધારે સન્માનપાત્ર છે. એને સમજાવજો કે ગ્રેસફૂલી હારતા આવડવું કેટલું જરૂરી હોય છે. પણ જયારે એ પ્રામાણિકતાથી વિજય મેળવે, ત્યારે એ વિજયને માણવો અને સેલિબ્રેટ કરવો પણ એટલો જ જરૂરી છે.

એને સારા લોકો સાથે સૌમ્યતાથી વર્તન કરતા શીખવાડજો. અઘરા કે જટિલ લોકો સાથે કઈ રીતે વર્તન કરવું? એ પણ એને કહેજો. બને તો એને ઈર્ષાથી દૂર રાખજો અને ખૂબ બધું હસતા શીખવાડજો.

ઉદાસ હોઈએ ત્યારે કેવી રીતે હસી શકવું? એ કળા એને ખાસ શીખવજો. સાથે એને એ પણ કહેજો કે પોતાના આંસુઓ માટે એ કયારેય પણ શરમ ન અનુભવે. પ્રામાણિકતાથી લાગણીઓ દર્શાવી શકવી, એ કાયરતાનું નહીં પણ નીડરતાનું લક્ષણ છે.

એને કહેજો કે નિષ્ફળતામાં પણ વૈભવ છુપાયેલો હોય છે અને સફળતામાં નિરાશા. જે લોકોને એના કામ કે એની ક્ષમતામાં વિશ્વાસ નથી, એવા લોકોને બિલકુલ મહત્વ ન આપવું અને એમનાથી દૂર રહેવું, એવું પણ સમજાવજો.


એને પુસ્તકોનું મહત્વ સમજાવજો. સાથે વિશ્વનાં રહસ્યોને માણવાનો સમય પણ આપજો. આકાશમાં ઊડતા પંખીઓ, ઝાડની ડાળી પર લટકતો મધપૂડો, પર્વત પર ઊગેલાં ફૂલો અને લીલું ઘાસ. આ કુદરતની અપાર સુંદરતાને માણી અને ચાહી શકાય, એવી આવડત એને આપજો.

ભલે આખું જગત એનો અસ્વીકાર કે બહિષ્કાર કરે, એને પોતાના વિચારોમાં વિશ્વાસ રાખવાનું શીખવાડજો. એને એવી શક્તિ આપજો કે ટોળાને અનુસરવાને બદલે, એ પોતાનો કોઈ સ્વતંત્ર રસ્તો પસંદ કરી શકે. એને કહેજો કે એ બધાની સલાહો શાંતિથી સાંભળે, પણ એમાંથી કેટલું ગ્રહણ કરવું અને કેટલું અમલમાં મૂકવું, એનો નિર્ણય પોતાની વિવેકબુદ્ધિથી કરે.

પોતાની જાતમાં રહેલી પ્રતિભા અને બુદ્ધિનું મૂલ્ય કરતા એને શીખવજો. એને કહેજો કે એની ટેલેન્ટ અને ઈન્ટેલીજન્સ પર કોઈ ચોક્કસ કિંમતનું પ્રાઈસ ટેગ માર્યા વગર, એને એવા જ હાથોમાં આપે જે એને લાયક હોય એને જે એનો યોગ્ય પુરસ્કાર આપી શકે.

એને અધીરા બનવા માટેનું સાહસ આપજો અને ધૈર્યવાન બનવા માટેની બહાદુરી. એને જાતમાં અતૂટ શ્રદ્ધા રાખતા શીખવાડજો કારણ કે જો એને પોતાની જાતમાં શ્રદ્ધા હશે, તો જ એ માનવજાત અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખી શકશે.

આ તો મારી ઈચ્છા અને મારા વિચારો છે, પણ એના શિક્ષક તો તમે જ છો. મારા કરતા તમે એને વધારે સારું શિક્ષણ આપી શકશો, એ વાતમાં મને કોઈ શંકા નથી. તમે તમારા બનતા પ્રયત્નો કરશો એની મને ખાતરી છે. પણ પ્લીઝ એનું ધ્યાન રાખજો. એ એક બહુ જ નિર્દોષ અને વહાલું બાળક છે. એ બાળક મારું સંતાન છે. મારો વહાલો દીકરો છે.



– લિ. અબ્રાહમ લિંકન
(અમેરિકન પ્રમુખ)


VASISHTHA GROUP OF SCHOOL

**શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ.**
ગુજરાતી માધ્યમ / દ્વિભાષી માધ્યમ
જુ.કે.જી. થી ધો. ૧૨ સાયન્સ/કોમર્સ
☎ 02621 255551/3 ✆ 91734 02809 / 91733 15555
www.vasishtha.net

**વસિષ્ઠ જેનેસિસ સ્કૂલ, બાબેન.**
ગુજરાતી માધ્યમ
ધો. ૧ થી ૧૨ સાયન્સ/કોમર્સ
☎ 02622 225542/43 ✆ 91576 44555
www.vasishthagensisschool.net

Vasishtha group of school